ખતરનાક કોરોના
સાવધાની જ ઉપાય
સામાજીક અંતર જાળવણી
વારંવાર હાથ ધોઈએ
માસ્ક અવશ્ય પહેરીએ

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૬ | ૭ એપ્રિલ, ૨૦૨૧, બુધવાર; ફાગણ વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

લોકડાઉન

# ગાંધીનગર સહિત રાજ્યના વીસ શહેરોમાં આજથી રાત્રી કરફ્યુ

## ૩૦ એપ્રિલ સુધી તમામ સામાજિક, રાજકીય મેળાવડા પર પ્રતિબંધ : એપ્રિલના દર શનિવારે સરકારી ઓફિસો બંધ રહેશે : લગ્નમાં ૧૦૦ થી વધારે વ્યક્તિઓ ઉપસ્થિત રહી શકશે નહિ

ગાંધીનગર, તા. ૬
ગાંધીનગરમાં મોડી સાંજે મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને હાઈપાવર કમિટીમાં વધતા કોરોનાના સંક્રમણ સંદર્ભે હાઈકોર્ટના નિર્દેશ મુજબ કેટલાક મહત્વના નિર્ણયો લેવાયા છે. જેમાં ગાંધીનગર સહિત રાજ્યના વીસ શહેરોમાં આવતીકાલથી રાત્રી કરફ્યુ તા. ૩૦મી સુધી રહેશે. જેમાં આણંદ, પાટણ, ગોધરા, દાહોદ, ભૂજ, અમરેલી, મહેસાણા, મોરબી, ભાવનગર, જામનગર, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જૂનાગઢ, ગાંધીનગર, નડિયાદ, ગાંધીધામ, ભરૂચ અને સુરેન્દ્રનગરનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત તા. ૩૦ એપ્રિલ સુધી તમામ મોટા કાર્યક્રમો સ્થગિત કરાશે. આગામી તા. ૩૦ એપ્રિલ સુધી રાજ્યની તમામ સરકારી કચેરીઓ દર શનિવારે બંધ રહેશે અને રાજ્યભરમાં રાજકીય, સામાજિક કાર્યક્રમો અને મેળાવડા પર પ્રતિબંધ મુકવાનો નિર્ણય કર્યો છે. લગ્ન પ્રસંગમાં માત્ર ૧૦૦ લોકોજ હાજરી આપી શકશે. સામાન્ય જનતાના મનમાં લોકડાઉન કે કરફ્યુનો ડર હતો પણ એ અંગે કોઈ નિર્ણય કરાયો નથી

# રાજ્યમાં વિકરાળ થતો કોરોના, નવા ૩૨૮૦ કેસ

## રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૭ વ્યક્તિના મોત : ગુજરાતમાં આજે રેકોર્ડબ્રેક ૩૨૮૦ કોરોના કેસ નોંધાતા તંત્ર દોડતું થયું છે : રિકવરી રેટ આજે પણ ઘટ્યો હતો

ગુજરાતમાં કોરોના સંક્રમણ સતત વધી રહ્યું છે, કોરોનાની બીજી લહેર પહેલા કરતા વધારે ભયાનક હોય તે પ્રકારે રોજેરોજ આંકઓ પોતાનો જ બનાવેલો રેકોર્ડ તોડી રહ્યા છે. ગુજરાતમાં આજે રેકોર્ડબ્રેક ૩૨૮૦ કોરોના કેસ નોંધાતા તંત્ર દોડતું થયું છે. સતત રસીકરણ છતા કોઈ પણ પ્રકારે રાજ્યમાં કોરોના કાબુમાં નથી આવી રહ્યો. રાજ્યમાં ૩૨૮૦ નવા કોરોના કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૨૧૬૭ લોકો કોરોનાને મ્હાત આપીને સાજા પણ થયા છે. અત્યાર સુધીમાં કુલ ૩,૦૨,૯૩૨ દર્દીઓ કોરોનાને મહાત્મ આપી ચુક્યા છે. જો કે રાજ્યનો રિકવરી રેટ આજે પણ ઘટ્યો હતો અને ૯૩.૨૪ ટકાએ પહોંચ્યો હતો. અત્યાર સુધીમાં ૭૦,૩૮,૪૪૫ વ્યક્તિઓનું પ્રથમ ડોઝનું અને ૭,૪૭,૧૮૫ વ્યક્તિઓનું બીજા ડોઝની રસી અપાઈ ચુકી છે. આ પ્રકારે કુલ ૭૮,૮૫,૬૩૦ રસીકરણના ડોઝ આપવામાં આવ્યા. આજે ૬૦ વર્ષથી વધારે વયના તેમજ ૪૫-૬૦ વર્ષનાં કુલ ૨,૭૫,૭૭૭ વ્યક્તિઓનું પ્રથમ ડોઝ અને ૨૯,૮૮૬ વ્યક્તિઓનું બીજા ડોઝનું રસીકરણ કરાયું છે.

# રાજ્યમાં લોકડાઉન જરૂરી : હાઈકોર્ટ

## રાજ્યભરમાં કોરોનાના વધતા કહેરને જોતા હાઈકોર્ટની ભલામણ : જાહેર કાર્યક્રમોના નિયમો પણ કડક કરવા, માસ્ક, સોશિયલ ડિસ્ટન્સિંગ સહિતના જે નિયમો છે તેમનું ચૂસ્ત પાલન કરવા પણ કોર્ટેની કડક ટકોર

ગાંધીનગર, તા. ૬
રાજ્યમાં કોરોના બેફામ બન્યો છે, ત્યારે હાઈકોર્ટે સરકારને વાયરસ પર કાબૂ મેળવવા કડક કાર્યવાહી કરવા આદેશ કર્યો છે. ટીવી રિપોર્ટ્સ અનુસાર, કોર્ટે એમ પણ જણાવ્યું છે કે હાલની સ્થિતિમાં ગુજરાતમાં હાલ ત્રણથી ચાર દિવસનું લોકડાઉન લગાવવું જરુરી છે. આ સિવાય જાહેર કાર્યક્રમોના નિયમો પણ કડક કરવા માટે કોર્ટે સરકારને ટકોર કરી છે. હાલ કોરોનાનો ફેલાવો અટકાવવા માસ્ક, સોશિયલ ડિસ્ટન્સિંગ સહિતના જે નિયમો છે તેમનું ચૂસ્ત પાલન કરવા પણ કોર્ટે જણાવ્યું છે.

સીએમ રુપાણી અને ડે. સીએમ નીતિન પટેલ કોરોનાની બીજી લહેર શરુ થઈ છે ત્યારથી અનેકવાર કહી ચૂક્યા છે કે રાજ્યમાં લોકડાઉન લાગુ કરવાની કોઈ શક્યતા નથી. રાત્રિ કરફ્યુ તેમજ માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સિંગના નિયમોનો કડકાઈથી અમલ કરાય અને લોકો સહકાર આપે તો કોરોના કાબૂમાં આવી શકે તેવું સરકારનું માનવું છે. જોકે, છેલ્લા કેટલાક દિવસોથી સ્થિતિ ઉલ્ટી જોવા મળી રહી છે. રાજ્યમાં કોરોનાના નવા કેસ રોજેરોજ નવા રેકોર્ડ બનાવી રહ્યા છે.

કોરોનાની બીજી લહેરમાં તેની ઝપેટમાં આવનારા મોટાભાગના લોકો ૪૫-૫૦થી ઓછી વયના છે. સુરતમાં તો કોરોનાનો ચેપ લાગ્યા બાદ ૧૩ વર્ષના એક છોકરાનું મોત પણ થઈ ચૂક્યું છે, જે ખરેખર ચોંકાવનારી બાબત છે. અમદાવાદમાં પણ આ જ પ્રકારનો એક કિસ્સો આજે સામે આવ્યો છે. જે લોકો કામકાજ માટે ઘરની બહાર રોજેરોજ જઈ રહ્યા છે તેમને ચેપ લાગવાનું પ્રમાણ વધી રહ્યું છે. ઘણા કેસમાં પેશન્ટ ટેસ્ટ કરાવવામાં મોડું કરતો હોવાથી ચેપ અન્ય લોકોને પણ લાગી જાય છે, અને તેની પોતાની સ્થિતિ પણ ગંભીર બની જાય છે.

હાલ રાજ્યના ચાર મહાનગરોમાં રાત્રે નવ વાગ્યાથી સવારે છ વાગ્યા સુધીનો રાત્રિ કરફ્યુ છે. જોકે, દિવસના સમયગાળામાં કોઈ પ્રકારની પાબંદી નથી. જેના કારણે બજારોમાં જોરદાર ભીડભાડના દ્રશ્યો પણ જોવા મળી રહ્યા છે. કોરોનાનો ફેલાવો અટકાવવા અમદાવાદ, સુરત જેવા શહેરોમાં કોર્પોરેશનની બસો બંધ કરી દેવાઈ છે, પરંતુ રિક્ષાઓમાં ભાગ્યે જ સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન થઈ રહ્યું છે.

કોરોનાના કેસો રોકેટ ગતિએ વધતા રાજ્યમાં હોસ્પિટલોમાં એડમિટ થઈ રહેલા દર્દીઓની સંખ્યા પણ ખૂબ જ ઝડપથી વધી રહી છે. ફેબ્રુઆરીની આસપાસ જે હોસ્પિટલો ખાલીખમ થઈ ગઈ હતી, ત્યાં હવે મોટાભાગના બેડ ભરાઈ ગયા છે. એટલું જ નહીં, ગંભીર દર્દીઓની સંખ્યા પણ વધી રહી હોવાથી ઓક્સિજનની ડિમાન્ડમાં પણ જોરદાર ઉછાળો આવ્યો છે. કોરોનાના ક્રિટિકલ દર્દીઓ માટે જરુરી ઈન્જેક્શન લેવા માટે લોકોની લાંબી-લાંબી લાઈનો લાગી રહી છે, અને ક્યાંક તો તેના કાળાબજાર થતાં હોવાના પણ અહેવાલો આવી રહ્યા છે.

અમદાવાદ ઉપરાંત વડોદરા અને સુરતમાં પણ કોરોનાનો બોમ્બ ફૂટ્યો છે. ડે. સીએમ નીતિન પટેલ તાજેતરમાં જ સ્થિતિની સમીક્ષા કરવા માટે વડોદરા ગયા હતા. આજે પણ સીએમ, ડે. સીએમ સહિત ઉચ્ચ અધિકારીઓનો કાફલો સુરત પહોંચ્યો છે.

# હાઈકોર્ટનાં નિર્દેશ બાદ રાજ્ય ચૂંટણીપંચ એકશનમાં: ચૂંટણી પાછી ઠેલાય તેવી શક્યતા

ગાંધીનગર,તા.૬
રાજ્યમાં ગાંધીનગર મનપા અને મોરવા હડફ વિધાનસભા બેઠક માટે પેટા ચૂંટણીનું એલાન કરવામાં આવ્યું છે. ત્યારે બંને સ્થળો પર ચૂંટણી પ્રક્રિયાને લઈ તમામ રાજકીય પક્ષો એક્શન મોડમાં જોવા મળી રહ્યા છે. અને ચૂંટણી જીતવા માટે તડામાર તૈયારીઓ પણ શરુ કરી દીધી છે. ત્યારે શક્ય છે કે રાજ્ય ચૂંટણી પંચ રાજ્યમાં કોરોના વાઈરસનો અજગરી ભરડો જોતા રાજ્યમાં યોજાઈ રહેલી ચૂંટણી પ્રક્રિયાને હાલ પુરતી મોકૂફ રાખવા માટે નિર્ણય લઈ શકે છે.

રાજ્યમાં કોરોના મહામારીનો અજગરભરડો જોવા મળી રહ્યો છે. રાજ્યમાં કોરોના સતત વિકરાળ સ્વરૂપ ધારણ કરી રહ્યો છે. રાજ્યમાં કોરોના કેસમાં સતત વધારો નોધાઈ રહ્યો છે. ત્યારે ગુજરાત હાઈકોર્ટે રાજ્યમાં વધતા જતા કોરોના કેસ મામલે સરકારને ટકોર કરવાની ફરજ પડી છે.

# દિલ્હીમાં રાત્રી કરફ્યુ લદાયો

ન્યુ દિલ્હી,તા.૬
દિલ્હીમાં કોરોના વાયરસના વધતાં કેસને જોતાં સરકાર દ્વારા નાઈટ કર્ફ્યૂ લગાવવામાં આવ્યું છે. રાત્રે ૧૦થી સવારના ૫ વાગ્યા સુધી દિલ્હીમાં નાઈટ કર્ફ્યૂ લાગુ રહેશે. દિલ્હી સરકાર દ્વારા આ આદેશ તાત્કાલિક ધોરણે લાગુ કરી દેવાના આદેશ આપવામાં આવ્યા છે. આ નાઈટ કર્ફ્યૂનો નિર્ણય ૩૦મી એપ્રિલ સુધી લાગુ રહેશે.

દિલ્હી સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી ગાઈડલાઈન અનુસાર ટ્રાફિક મૂવમેન્ટમાં જે લોકોને વેક્સિન લેવા જવું હોય તો જઈ શકાશે પણ તેમણે ઈ-પાસની જરૂર પડશે. રેશન, કિરાણા, ફળ-શાકભાજી, દૂધ-દવા સાથે જોડાયેલા લોકોએ પણ ઈ-પાસની જરૂર પડશે. આ સિવાય પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાએ પણ ઈપાસની મદદથી મૂવમેન્ટની મંજૂરી આપવામાં આવશે.

# હજુ પણ કોરોનાના કેસ વધશે, લોકો ગભરાય નહિ: રૂપાણી

સુરત,તા.૬
ગુજરાતમાં કોરોના કાબૂ બહાર જતાં ચિંતાના વાદળો ઘેરાયા છે. જેને પગલે ગુજરાત હાઈકોર્ટે પર ગુજરાત સરકારને લોકડાઉન કે કરફ્યૂ લાદવા નિર્દેશ કર્યો હતો. જે બાદ સીએમ વિજય રૂપાણીએ પ્રેસ કોન્ફરન્સને સંબોધન કર્યું હતું. અને ગુજરાત હાઈકોર્ટની લોકડાઉનની ટિપ્પણી અંગે પણ તેઓએ નિવેદન આપ્યું હતું.

સીએમ રૂપાણીએ કહ્યું કે, દેશ અને ગુજરાતમાં કોરોનાનાં કેસ વધ્યા છે. અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરામાં ટોટલ કેસના ૬૦ ટકા કેસ જોવા મળે છે. અન્ય જિલ્લાઓમાં પણ કેસ વધ્યા છે. છેલ્લા ૧ વર્ષથી કોરોના સામે સંઘર્ષ કરતાં આવ્યા છીએ. હાલમાં કોરોનાનું વાતાવરણ જોતાં લાગે છે કે કેસ વધશે. પણ તેનાથી ડરવાની જરૂર નથી. પણ સાવચેતી રાખવાની જરૂર છે. અને એટલા માટે વેક્સિનેશન વધાર્યું છે. હાલ ગુજરાતમાં રોજ ૪ લાખથી વધુ લોકોને રસી આપવામાં આવે છે. ૭૦ લાખ લોકોને રસી આપી દેવામાં આવી છે. ઝડપથી લોકોને વેક્સિન લાગવા મંડે અને બીજો રાઉન્ડ પણ પતે એ ઈલાજ આપણા હાથમાં આવ્યો છે. વર્ષ પહેલાં હથિયાર આપણી પાસે ન હતું. અને હવે રસી આપણા હાથમાં છે. એટલે લોકો રસી લગાવે તેમ વિનંતી કરું છું. ૯૮ ટકા લોકો માસ્ક પહેરવાને કારણે બચી જાય છે. માસ્ક વ્યવસ્થિત પહેરે તેવી લોકોને અપીલ છે.

કોરોનાનું સંક્રમણ ઓછામાં ઓછું થાય તેટલે ટેસ્ટિંગ વધાર્યું છે. આજે લગભગ ૧ લાખ ૨૦ હજાર સુધી રોજ ટેસ્ટિંગ કરી રહ્યા છે. ટેસ્ટિંગ પછી ટ્રેસિંગ કરીને ટેસ્ટ કરી રહ્યા છીએ. પોઝિટિવ કેસ આવે તેનું ટ્રીટમેન્ટ વધારે થાય તેના માટે સરકારે ૧૦૪ની સુવિધા શરૂ કરી છે. ૧૦૪ પર કોલ કરતાં જ સારવાર શરૂ કરી દેવામાં આવે છે. સંજીવની રથ પણ હોમ ક્વોરન્ટાઈન દર્દી માટે શરૂ કરાયા છે.

જોઈએ છે
કોવિડ-૧૯ હોસ્પિટલ માટે
મેડિકલ ઓફિસર,
નર્સિંગ સ્ટાફ તથા સ્વીપર
તાત્કાલિક રૂબરૂ મળો.
સરમાઉન્ટ હોસ્પિટલ
ડી-માર્ટ પાછળ, ગ્રીન સીટી, સેક્ટર-૨૬, ગાંધીનગર

સરકાર માન્ય
વાછાણી COVID-19 હોસ્પિટલ
૨૪X૭ આપની સેવામાં ઉપલબ્ધ
સરનામું: પ્લોટ નં.૧૫૨૬, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
95123 55568 | 95123 55569
ઉપલબ્ધ સારવાર
૮ બેડ ICU | ૧૬ બેડ HDU (High Dependency Unit) | ૧૭ બેડ જનરલ વોર્ડ
વેન્ટિલેટર | બાઈપેપ | હિમોડાયાલિસિસ | OPD સ્કેન | ડિજીટલ X-Ray | પેથોલોજી
સોનોગ્રાફી | 2D Echo | બ્લડ બેન્ક ટાય-અપ | એમ્બ્યુલન્સ સેવા
કોવિડ-૧૯ OPD - સવારે ૯.૦૦ થી ૧૧.૦૦
નોંધ: વાછાણી હોસ્પિટલ, કુડાસણ નોનકોવિડ શાખા છે.
COVID CARE AT HOME BY VACHHANI COVID HOSPITAL

FIGHT CORONA M. 90998 72551
સેનેટાઈઝ સર્વિસ
ફ્લેટ | બંગલો | ઓફીસ | બિલ્ડીંગ
૫ લિટર સેનેટાઈઝર તથા ૫ N95 માસ્ક ફ્રી આપવામાં આવશે.
FDA & ISO સર્ટીફીકેટ વાળા સેનેટાઈઝર સ્પ્રે થી ક્વોરનટાઈન પહેલા અને પછી પણ સર્વિસ આપવામાં આવશે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર દર ગુરૂવારે અને રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

ગાંધીનગર મહાનગરપાલિકા ચુંટણી-૨૦૨૧ વોર્ડ નં. ૯



વોર્ડ નં-૯ માં સમાવિષ્ટ વિસ્તાર
સેક્ટર-૨, સેક્ટર-૩, ૩ ન્યુ, કુડાસણ, ધોળાકુવા ગામનો ભાગ

| ક્રમ | ઉમેદવાર | ભાજપની પેનલના ઉમેદવારોના નામ | નિશાન | બટન |
|---|---|---|---|---|
| ૧ | | અલ્પાબેન કૌશિકભાઈ પટેલ (પૂર્વ તાલુકા સદસ્ય - ગાંધીનગર તાલુકા પંચાયત) મો : ૯૯૨૪૨૧૫૧૯૯ | | |
| ૬ | | રાજુભાઈ શંકરભાઈ પટેલ (ટ્રસ્ટી-ઉમિયા માતાજી સંસ્થાન, ગાંધીનગર) નિવૃત્ત - સરકારી કર્મચારી મો : ૯૯૨૫૦ ૨૬૮૦૯ | | |
| ૯ | | શૈલાબેન સુનિલભાઈ ત્રિવેદી Ahemedaba South Zone President Lions Club (રાધે થાળ) મો : ૯૭૧૨૯૮૭૬૩૮ | | |
| ૧૦ | | ડો. સંકેતભાઈ રમેશભાઈ પંચાસરા M.D. Medicine - Apollo Hospital (પ્રજાપતિ) મો : ૯૪૨૮૦૧૬૦૯૩ | | |

સૂચના : ૪ મત આપ્યા પછી સામેનું પીળું બટન દબાવવું → રજીસ્ટર
સૂચના : મતદાન અવશ્ય કરો. મતદાન કરવું એ સર્વે નાગરિકની ફરજ છે અને મતદાન એ મહાદાન છે.

- ભાજપની પેનલના ૪ ઉમેદવાર ને મત આપવા તેમના ક્રમાંક ૧,૬,૯,૧૦ ના નિશાન કમળની સામેના ૪ વાદળી બટન ક્રમ વાર દબાવો.
- બટન દબાવવાથી તેની પાસેની લાલ બત્તી થશે તેમજ બીપનો અવાજ આવશે, જો લાલબત્તી ન થાય તો ફરી બરાબર વાદળી બટન દબાવો. ભાજપની પેનલના ચારેય ઉમેદવારની સામેનું વાદળી બટન દબાવી નીચે આપેલું પીળું બટન (રજીસ્ટર) દબાવવાથી જ આપનો મત નોંધાયેલો ગણાશે.
- મતદાન મશીનમાં ચારેય કમળના નિશાન સામેનું વાદળી બટન દબાવી પીળું બટન દબાવો એટલે જ ભાજપની પેનલને મત.

મતદાન માટેના પુરાવા : (૧) પાસપોર્ટ (૨) ડ્રાઈવીંગ લાયસન્સ (૩) ઈન્કમટેક્ષ (પાન) ઓળખકાર્ડ (૪) કર્મચારીનું નોકરીનું ઓળખકાર્ડ. (૫) રેશનકાર્ડ (૬) પછાત વર્ગનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર (૭) વિદ્યાર્થી ઓળખકાર્ડ (૮) મિલકતના દસ્તાવેજો (૯) રેલ્વે-બસનો પાસ (૧૦) રાહત કેમ્પનું કાર્ડ વગેરે...

ગાંધીનગર છે મક્કમ
ભાજપ સાથે અડીખમ

ગાંધીનગરનું હિત, ભાજપની જીત...
મતદાન તારીખ : ૧૮-૦૪-૨૦૨૧, રવિવાર, સમય : સવારે ૭-૦૦ થી સાંજે ૬-૦૦
પ્રકાશક : ભારતીય જનતા પાર્ટી, ગાંધીનગર